# માલપુર તાલુકામાં માઈક્રો ફાઈલેરિયા (હાથીપગો) સર્વેલેન્સ કામગીરી



કમલમ્ ન્યૂઝ, ધાર્મિક ભટ્ટ

હાથીપગાનો રોગએ ક્યુલેક્સ મચ્છર મારફતે ફેલાય છે અને આ મચ્છર ગંદા પાણીમાં ઈંડા મૂકે છેઆ મચ્છર રાત્રે કરડે છે અને રોગ ફેલાવે છે

હાથીપગાનો રોગ થયા પછી તેની અસર ૫ વર્ષ પછી દેખાય છે આ રોગ એલીમીનેશન તરફ હોય નોન એન્ડેમીક વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરવાની થતી હોય માલપુર તાલુકામા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને જીલ્લા મેલેરિયા અધિકારીશ્રી અરવલ્લી જિલ્લા પંચાયત મોડાસાના માર્ગદર્શન હેઠળ અને તાલુકા આરોગ્ય કચેરીના સહયોગથી પ્રા.આ. કેન્દ્ર રંભોડાના જાલમખાંટના મુવાડા ગામમાં અને પ્રા.આ. કેન્દ્ર સાતરડાના અનીયોર - ત્રિકમપુર ગામમાં આરોગ્યની ટીમ મારફતે તારીખ ૩૦-૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ આરોગ્ય શિક્ષણ, સર્વેલન્સની કામગીરી અને લોહીના નમુના રાત્રે ૮ થી ૧૨ ના સમયમાં લેવાની કામગીરી કરવામા આવેલ આ સર્વેલન્સની કામગીરી પહેલા આરોગ્યની ટીમને તાલીમ આપવામાં આવેલ અને ઘરે ઘરે જઈને કુલ ૧૧ ટીમ મારફતે બંને ગામમાંથી ૪૮૨ ઘર અને ૧૯૫૩ વસ્તી આવરી લઈને ૨૦ વર્ષથી વધુ ઉંમરના વ્યકિતઓમાંથી એક સાઈટ પરથી ૩૦૦-૩૦૦ એમ કુલ ૬૦૦ લોહીના નમુના લેવામાં આવેલ છે જેની તપાસ પ્રા.આ. કેન્દ્રના તાલીમબધ્ધ લેબોરેટરી ટેકનીશીયન મારફતે કરવામાં આવેલ છે અને કોઈપણ વ્યકિતમાં હાથીપગાનો રોગ જોવા મળેલ નથી. તમામ કામગરીનું જિલ્લા તેમજ તાલુકા કક્ષાએથી સુપરવિઝન અને મોનીટરીંગ કરવામાં આવેલ.

# સરકારી જિલ્લા પુસ્તકાલય-આહવા દ્વારા શહિદ દિવસની ઉજવણી કરવામા આવી



કમલમ્ ન્યૂઝ, અમરનાથ જગતાપ

સરકારી જિલ્લા પુસ્તકાલય-આહવા દ્વારા પ્રતિ વર્ષ શહિદ દિવસની ઉજવણી કરવામા આવે છે. જેના ભાગરૂપે તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ વિવિધ પ્રકારના પુસ્તકો જેમાં મહાત્માં ગાંધી સાહિત્ય, આઝાદીનું સાહિત્ય, સ્પર્ધાત્મક સાહિત્યને લગતા પુસ્તકોનુ પ્રદર્શન સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે યોજવામા આવ્યુ હતુ. આ પ્રસગે જિલ્લા રમત ગમત કચેરી, પુસ્તકાલયના તમામ કર્મચારીઓ, અને નેહરૂ યુવા કેન્દ્ર આહવાના કર્મચારીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શહિદ દિવસ નિમીત્તે માર્ગદર્શન પુરુ પાડવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા પુસ્તકાલયના ગ્રંથપાલ શ્રી દયારામ લાડ દ્વારા વિર્ધાર્થીને જરૂરી માર્ગદર્શન પુરુ પાડચુ હતુ.

# સમયદાની નિષ્ણાત તબીબે એલોગ્રાફ્ટ દ્વારા ઘૂંટણના સ્નાયુની જવલ્લેજ થતી સર્જરી નો લાભ જરૂરિયાતમંદ દર્દીને આપ્યો

કમલમ્ ન્યૂઝ, વડોદરા,

ગુજરાતના સરકારી આરોગ્ય માળખા હેઠળની હોસ્પિટલો માં એલોગ્રાફટ ના નામે જાણીતી અને ઘૂંટણના સ્નાયુઓની નવા પ્રકારની અદ્યતન સર્જરીની વધુ એક પહેલ મધ્ય ગુજરાતની સૌ થી મોટી સરકારી સયાજી હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે સયાજીના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ ને ઉત્તમ અને અદ્યતન તબીબી સેવાઓ સુલભ બનાવવા સમયદાન આપતાં, પોતાના મેડિકલ ફિલ્ડના એક નિષ્ણાત તબીબ ના સહયોગ થી અને ટીમ ઓર્થો સયાજીની જહેમત થી આ સર્જરી સફળતાપૂર્વક થઈ શકી છે.સયાજી હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.રંજન કૃષ્ણ ઐયરે સમયદાની તબીબ અને ઓર્થોસ્કોપીના નિષ્ણાત ડો.ધ્રુવ શાહને તેમના ઉમદા અને સેવાલક્ષી યોગદાન માટે અને ઓર્થો વિભાગના વડા ડો.હેમંત માથુર અને તેમની ટીમને સંનિષ્ઠ સેવાઓ માટે ધન્યવાદ આપ્યા છે. આ સર્જરી હેઠળ એલોગ્રાફ્ટ દ્વારા ઘૂંટણના ઈજાગ્રસ્ત લીગામેંટ ની સારવારનો લાભ કડાણા ના બાબુભાઈ હરિજન નામક ૨૭ વર્ષના યુવા દર્દીને મળ્યો છે. બાબુભાઈ ને ગયા વર્ષના ડીસેમ્બર મહિનામાં ઘૂંટણમાં ઈજા થતાં કડાણા થી સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. ઓરથો વિભાગમાં તપાસ અને નિદાન દરમિયાન તેમના ઘૂંટણના acl/ pcl એ બંને લીગામેંટ ને ઈજા થયાનું નિદાન થયું હતું. પરંપરાગત રીતે દર્દીના શરીરમાં થી ટિસ્યુ - સ્નાયુ મેળવીને તેની સર્જરી કરવામાં આવે છે.જેથી દર્દીના સ્નાયુ વપરાય છે અને રૂઝ આવતાં વાર લાગે છે. ડો.ધ્રુવ શાહ જેઓ ઓર્થોસ્કોપી ના નિષ્ણાત છે અને સમયદાનના સંકલ્પ હેઠળ સયાજીના જરૂરિયાતમંદ દર્દીઓને સુપર સ્પેશ્યાલિટી તબીબ સેવાઓનો લાભ આપે છે. તેમણે બાબુભાઈ ની ઈજાની સારવાર એલો ગ્રાફટથી થી કરવાની તત્પરતા સાથે,તેમને તેના લાભો સમજાવ્યા હતા. દર્દીની સંમતિ મળતાં તેમણે બેંગલુરુની રમાઈયાહ ટિસ્યુ લેબમાં થી એલોગ્રાફ એટલે કે માનવ ટિસ્યુ હરિઓમ સેવા ટ્રસ્ટના માનવીય પીઠબળ થી મંગાવીને દર્દીની સર્જરી કરી હતી. ડો.રંજન ઐયર અને ડો.હેમંત માથુર તેની વ્યવસ્થાના સંકલનમાં સહયોગી બન્યા હતા. આ અંગે ડો.ઐયરે જણાવ્યું કે કેડેવર - માનવ મૃતદેહના સાજા અને સારા ટિસ્યુ યોગ્ય રીતે જાળવી રાખવામાં આવે છે.કેટલાક દાતાઓ પણ ટિસ્યુ દાન કરે છે.જેમ બ્લડ બેંકમાં માનવ લોહી અને તેના ઘટકો સાચવવામાં આવે છે એ રીતે ટિસ્યુ લેબમાં નિર્ધારિત પ્રક્રિયા કરીને માનવ ટિસ્યુ - એલોગ્રાફ સાચવવામાં આવે છે અને જરૂર પડ્યે સર્જરી માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ઘૂંટણના લીગામેન્ટ નવ સ્થાપિત કરવા માટે દર્દીના સ્નાયુઓ નો ઉપયોગ ટાળીને લેબમાં જાળવેલા એલોગ્રાફનો સારવારમાં ઉપયોગ કરવામાં આવે છે.જેના લીધે દર્દીના શરીરના સ્નાયુઓ અકબંધ રહે છે.આ એલોગ્રાફ ચુસ્ત રીતે પ્રોસેસ કરેલા હોવાથી કોઈ આડઅસર થતી નથી. તેના લીધે દર્દી ઝડપથી સાજો થાય છે અને નવેસરથી રોજિંદા જીવનની પ્રવૃત્તિઓ કરી શકે છે.ખેલાડીઓને વારંવાર ઈજા થતી હોય છે.તેમાં એલોગ્રાફટ ની મદદ લેવાથી રિવીઝન સર્જરી માટે આ પદ્ધતિ હેઠળ બચેલા સ્નાયુઓ ઉપયોગમાં લઈ શકાય છે. ગુજરાતમાં જવલ્લેજ આ પ્રકારની સર્જરી થાય છે ત્યારે એક સરકારી હોસ્પિટલમાં એની આશાસ્પદ પહેલ વડોદરામાં,સયાજી હોસ્પિટલમાં અને તેના ઓર્થોપેડીક વિભાગમાં થઈછે જેનું નિમિત્ત એક સમયદાની નિપુણ તબીબ બન્યા છે જેની નોંધ લેવી જરૂરી છે. યાદ રહે કે તબીબો અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોને સેવાની ભાવના સાથે તેમના જ્ઞાન અને કૌશલ્યોનો સમાજને અને જરૂરતમંદ લોકોને લાભ આપવાનો પ્રેરક અનુરોધ,પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ,ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન કર્યો હતો જેને વ્યાપક અને સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. ડો.ઐયરે જણાવ્યું કે હાલમાં ૩ થી ૪ જેટલા નિષ્ણાત તબીબો સયાજી હોસ્પિટલના જે તે વિભાગમાં અનુકૂળતા પ્રમાણે સમયદાન હેઠળ સુપર સ્પેસ્યાલીટી સેવાઓ નો ઉમદા લાભ આપે છે.આ ઉપરાંત સી.એમ.સેતુ યોજના હેઠળ હાલમાં વિવિધ સ્પેસ્યાલીટી ના ૧૨ નિષ્ણાત તબીબો,ટોકન માનદ ચુકવણી હેઠળ ઉત્તમ તબીબી સેવાઓનો દર્દીઓ ને લાભ આપી રહ્યાં છે.બહુધા આવી સેવાઓ ખાનગી તબીબી હોસ્પિટલોમાં ખૂબ ઊંચા ખર્ચે મળે છે.પરંતુ સી.એમ.સેતુની વ્યવસ્થા હેઠળ ગરીબ દર્દીઓ ને તે સુલભ થાઈ છે. આ સેવાઓ વધુ તબીબી ક્ષેત્રોમાં મળે અને વ્યાપક બને એ માટે તંત્ર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.



# ચેરમેન તરીકની દરખાસ્ત દિલીપસંઘાણીએ રજુ કરી, અરૂણભાઈ પટેલે નો ટેકો ., વાઈસ ચેરમેન તરીકેની દરખાસ્ત માવજીભાઈ ગોલે રજુ કરી, રાજેશભાઈ માંગરોળીયાનો ટેકો

**અમરેલી જીલ્લામા શ્વેતક્રાંતિની ધરોહર અમર ડેરી ની ચૂંટણી પ્રક્રિયા સ્વપ્નદ્રષ્ટા સ્થાપક દિલીપ સંઘાણી, કેન્દ્રીય મંત્રી પરશોતમ રૂપાલામા વિશ્વાસ સહકાર થી સમૃધ્ધિ તરફ ચેરમેન અશ્વિન સાવલીયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી**

કમલમ્ ન્યૂઝ,

અમરેલી જીલ્લામા શ્વેતક્રાંતિના સર્જન સાથે રોજગારીનું સર્જનકરવાનુંસ્વપ્નએન.સી.યુ.આઈ., ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ સેવ્યુ અને તેના ફળસ્વરૂપ અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ નું નિર્માણ થયુ જે ટુંકાગાળામા " અમર ડેરી "તરીકે અગ્રેસર બની, અસંખ્ય લોકોને પ્રત્યક્ષ કે, પુરક રોજગારી આપી રહેલ છે. આ સહકારી સંસ્થાના વ્યવસ્થાપક મંડળની મુદત પૂર્ણ થતા ચૂંટણી અંગેની પ્રક્રિયા હાથ ધરાયેલ. જીલ્લાની શ્વેતક્રાંતિ અને આર્થીક જીવાદોરી સમાન 'અમર ડેરી' ના ચેરમેન-વાઈસ ચેરમેન તરીકેની મૂદત પૂર્ણ થતા યોજાયેલ દૂધ સંઘની બોર્ડ મીટીંગમા દેશના સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી અને કેન્દ્રીયમંત્રી પરશોતમભાઈ રૂપાલાના માર્ગદર્શનમા આજરોજ ચેરમેન તરીકે અશ્વિનભાઈ સાવલીયા જયારે વાઈસ ચેરમેન તરીકે મુકેશ સંઘાણી પુનઃ આરૂઢ થયા હતા. અશ્વિન સાવલીયાના નામની દરખાસ્ત દિલીપ સંઘાણી દ્વારા રજુ કરવામાં આવેલ જેને અરૂણભાઈ પટેલ એ ટેકો આપેલ તેમજ વાઈસ ચેરમેનના નામની દરખાસ્ત માવજીભાઈ ગોલ દ્વારા મુકવામા આવેલ જેને રાજેશભાઈ માંગરોળીયાએ ટેકો જાહેર કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, સાવલીયા ધાત્રીના નેતૃત્વમા ૨૫૦૦૦ હજાર થી પણ વધુ પશુપાલકો રોજગારી મેળવી રહયા છે. કોરોનાની મહામારી વચ્ચે પણ એકમાત્ર અમર ડેરી દ્વારા પશુપાલનની રોજગારી ચાલુ હતી અને દર મહિને ૨૫ કરોડ જેવી માતબર રકમ ચૂકવવામા આવી હતી. અમર ડેરી અમરેલીની જીવાદોરી છે ત્યારે આગામી દિવસોમાં પણ વધુમાં વધુ લોકોને રોજગારી મળે તેવા પ્રયાસો કરવામા આવશે

# મહુવા તાલુકાના વહેવલ ગામના આદિવાસી સમાજનું ગૌરવ

કમલમ્ ન્યૂઝ, મયુર પટેલ

મહુવા તાલુકાના વહેવલ ગામના રહેવાસી ક્રિપાલકુમાર સુરેશચંદ્ર પટેલની કાર્યપાલક ઈજનેર (Class -1)સિંચાઈ વિભાગ, ગુજરાત. નર્મદા નિગમ ગાંધીનગર ખાતે નિમણૂકથી થયેલ છે ક્રિપાલ કુમાર સુરત જિલ્લા મહુવા તાલુકા માંથી સૌથી નાની વયે કલાસ વન અધિકારી તરીકેની નિમણૂક પામનાર પહેલા વ્યક્તિ છે.તેમણે તેમના દાદા-દાદી તથા માતા-પિતા અને કુટુંબનુ નામ રોશન કર્યું છે. વહેવલ ગામ તથા



મહુવા તાલુકા સાથે સમાજનું ગૌરવ વધાર્યુ છે. તેઓ તેમની ફરજમાં આગળ વધીને તેમની કારકિર્દી વધુ ઉજજવળ બનાવે તેવી ગામજનો ની શુભેચ્છા...

# ભારતીય તટરક્ષક દળના ૪૭ મા સ્થાપના દિવસની ગાંધીનગરમાં ભવ્ય ઉજવણી

## કોસ્ટગાર્ડના સૈનિકોએ ધૈર્ય અને શૌર્યથી સમુદ્રના તાલ-તરંગો સામે લડીને સીમાની સુરક્ષા સાચવી છે : શ્રી આચાર્ય દેવવ્રતજી



**રાજ્યપાલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કોસ્ટગાર્ડના બ્રોશરનું વિમોચન કર્યું**

કમલમ્ ન્યૂઝ,

ભારતીય તટરક્ષક દળ-કોસ્ટ ગાર્ડના વીર સૈનિકોએ દ્રઢ મનોબળ, ધૈર્ય, વીરતા અને શૌર્યથી સમુદ્રના તાલ-તરંગો સામે લડીને દેશની દરિયાઈ સીમાની સુરક્ષા સાચવી છે. રાષ્ટ્રની આંતરિક શાંતિ માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભારતીય તટરક્ષક દળના ૪૭ મા સ્થાપના દિવસે ગાંધીનગરમાં આયોજિત ભવ્ય સમારોહમાં સંબોધન કરતાં કહ્યું હતું કે, સીતાજીની શોધમાં લંકા જવા માટે શ્રીરામ રામેશ્વરમ્ ના દરિયાકાંઠે આવ્યા ત્યારે સમુદ્રએ પોતાના તાલ-તરંગોથી તેમને ભયભીત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ શ્રીરામ સમુદ્રથી ડગ્યા ન હતા અને આખરે સમુદ્રએ માર્ગ કરી આપ્યો હતો. ભારતીય તટરક્ષકદળ પણ સમુદ્રના તાલ-તરંગોથી ભયભીત થયા વિના કઠિન પરિસ્થિતિમાં અનુકૂલન સાધીને ફરજ પર તહેનાત રહે છે અને રાષ્ટ્રની રક્ષાકરે છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને દક્ષિણ પશ્ચિમી વાયુ કમાનના એર ઓફિસર કમાન્ડર એર માર્શલ શ્રી વિક્રમ સિંહજીની ઉપસ્થિતિમાં તટરક્ષક દળના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્ર દ્વારા ગાંધીનગરના સર્કિટ હાઉસના પ્રાંગણમાં ૪૭ મા કોસ્ટગાર્ડ રાઈઝિંગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્થાપના દિવસની કેક કાપી હતી અને ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાથે કોસ્ટગાર્ડના બ્રોશરનું લોકાર્પણ કર્યું હતું. મહાનુભાવોએ ગરિમાપૂર્ણ ડ્રીલ અને સનસેટ સેરેમની નિહાળી હતી. પ્રાસંગિક ઉદબોધનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રદેશની સરકારો અને પોલીસ દળના સહયોગમાં-સંકલનમાં રહીને ભારતીય તટરક્ષક દળે સમુદ્રી સીમાઓને અભેદ કરી છે. રાત-દિવસ જોયા વિના શૌર્ય, વીરતા અને નીડરતાથી સીમાની સુરક્ષાની કઠિન કામગીરી નિભાવી છે. ભારતીય માછીમારોની સુરક્ષા સાચવી છે, એટલું જ નહીં દરિયાઈ માર્ગે ભારતમાં માદક દ્રવ્યો ઘૂસાડવાનો પ્રયત્ન કરનારા દેશના દુશ્મનોને પકડીને ભારતના યુવાનોનું રક્ષણ કર્યુ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં ભારતીય કોસ્ટગાર્ડે ગુજરાતની સમુદ્રી સીમામાંથી ?૧,૩૮૦ કરોડના મૂલ્યના ૨૩૬ કિ.ગ્રા. માદક પદાર્થો જપ્ત કર્યા છે. ૩૮ વિદેશી નાગરિકો સહિત સાત વિદેશી બોટ પકડી છે. ૬૯ વ્યક્તિઓના જીવ બચાવ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ માટે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને રાજ્યના પોલીસ તંત્રને પણ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે આ કામગીરીથી દેશના લોકોનું મનોબળ વધુ મજબૂત થયું છે. ભારતીય તટરક્ષક દળના ગૌરવની સ્થાપના કરતાં કરતાં રાષ્ટ્રની રક્ષા માટે સેવારત કોસ્ટગાર્ડના અધિકારીઓ, કર્મચારીઓ અને જવાનોને તેમણે શુભકામનાઓ પાઠવી હતી.

# ડાંગ જિલ્લામાં 'ચેતના' સંસ્થા દ્વારા "આરોગ્ય" કાર્યક્રમ અંતર્ગત કિશોરી મેળાઓ યોજાયા



કમલમ્ ન્યૂઝ,અમરનાથ જગતાપ

'ચેતના' સંસ્થા-અમદાવાદ અને લાર્સન એન્ડ ટુબ્રો પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ તેમજ ડાંગના આઈ.સી.ડી.એસ. વિભાગ, આરોગ્ય વિભાગ, અને શિક્ષણ વિભાગ સાથે સહભાગિતા, સંકલન સાથે "આરોગ્ય" કાર્યક્રમ દ્વારા આહવા તાલુકાના ૬ ગામોમા તારીખ ૩૦ મી જાન્યુઆરી ૨૦૨૩ થી ૧ લી ફેબ્રુઆરી સુધી કિશોરી મેળાઓ કરવામા આવ્યા હતા. દરમિયાન કિશોરી મેળાઓમા ભાગ લેનાર દરેક કિશોરીનુ વજન ઉંચાઈ અને ઊંહ્વની તપાસ કરવામા આવી હતી. કિશોરીઓનુ પોષણ અને એનિમિયાની સમજ કેળવવા માટે અનેકવિધ રમતો રમાડવામા આવી હતી. જેવી કે પોષણ ચક્ર અને તિરંગા થાળી દ્વારા રોજના ખોરાકમા શું લેવુ જોઈએ વિગેરે બાબત ઉજાગર કરાઈ હતી. સાથે જ પ્રદર્શન પણ ગોઠવવામા આવ્યુ હતુ. ચાલો રમીએ સ્વાસ્થ્ય અને પોષણની સાપસીડી, સ્વચ્છતા જાળવવા માટે તંદુરસ્ત બનો માટે રસ્તા શોધો જેવી રમત અને રીંગ રમત દ્વારા કિશોરીઓ પોષણની ઊંડાણથી સમજ મેળવે તેવો પ્રયત્ન કરવામા આવ્યો હતો. મેળામા આહવા તાલુકાના ૬ ગામોની કુલ ૨૨૪ કિશોરીઓ સહભાગી બની હતી. કિશોરી મેળા દરમિયાન લાર્સન એન્ડટુબ્રો પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટમાંથી અનુપ મહાજને મુલાકાત લીધી હતી. તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગમાંથી મુખ્ય સેવિકાઓ, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય વિભાગમાંથી નર્સ બહેનો, આશા વર્કરો, અને શિક્ષણ વિભાગમાંથી શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ ગામના સરપંચશ્રીઓ, આગેવાનો ઉપસ્થિત રહી કિશોરીઓને માર્ગદર્શન, પ્રોત્સાહન પૂરું પાડ્યુ હતુ.

# તાપી જિલ્લામાં વહેલી સવાર અને મોડી સાંજના ટ્યુશન ક્લાસીસ પર પ્રતિબંધ

કમલમ્ ન્યૂઝ, ઉમેશ તામસે

તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.જે.વલવીએ તાપી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વહેલી સવારના અને મોડી સાંજના ટ્યુશન કલાસીસો પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામામાં જણાવાયા અનુસાર તાપી જિલ્લાના વિસ્તારમાં કોઈ પણ મથકોએ વહેલી સવારે ૦૭:૦૦ કલાક પહેલા તથા સાંજે ૦૭:૦૦ કલાક બાદ કોઈ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહિં કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસાર્થે બોલાવી શકાશે નહિં. ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ચાર કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહિં. શાળા-કોલેજોના કંપાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિ એકત્રિત થઈ શકશે નહિં. આ હુકમ તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયું છે.

# આદર્શ કન્યા શાળા સોનગઢખાતે વાર્ષિક ઉત્સવ યોજાયો



કમલમ્ ન્યૂઝ, સમીર શાહ

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ તાપી સંચાલિત આદર્શ કન્યા પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળા સોનગઢ દ્વારા સિનિયર સિટીઝન હોલ ખાતે વાર્ષિક ઉત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના ઉદ્દ્ઘાટક અને મુખ્ય અતિથિ એવા સોનગઢ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી એસ.બી પરમાર દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે સોનગઢ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી એસ.બી પરમાર દ્વારા કન્યા શાળાની દીકરીઓએ ખૂબ આગળ વધવા અને જીવનમાં યોગના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. શાળા પરિવારને આ સુંદર કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન પાઠવ્યા આવ્યા હતા. શાળાના આચાર્યશ્રી જાનવીબેન દ્વારા સ્વાગત પ્રવચન અને આભાર વિધિ કરવામાં આવી હતી. તથા ચીમકુવા શાળાના આચાર્યશ્રી પ્રદીપ કુમાર ચૌધરીએ પણ પ્રેરણામય વાતો કરી સૌને સંબોધ્યા હતા અને શાળા પરિવાર સાથે "મા બાપ ને ભૂલશો નહિ" સુંદર ભાવગીતની પ્રસ્તુતિ આપી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી શૈલેશભાઈ તથા એલિસાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.આ રંગારંગ કાર્યક્રમમાં પ્રાર્થના ગીત, દેશભક્તિ ગીત,કલાસિકલ ડાન્સ,નાટક, વાર્તા,ગરબા, આદિવાસી નૃત્યની એક થી એક ચઢીયાતી કૃતિઓએ સૌના મન મોહી લીધા હતા.બાળકોને ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. ઉપરાંત તાપી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી જયેશભાઈ ચૌધરીએ ફોનકોલ દ્વારા શાળાપરિવાર અને બાળકોને શુભકામનાઓ પાઠવી હતી. આં પ્રસંગે મોટી સંખ્યામાં વાલીગણ,વિદ્યાર્થીઓ, આમંત્રિતો, એસએમસી ઉપસ્થિત રહ્યા હતા.શાળા પરિવાર એ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ખૂબ જ જહેમત ઉઠાવી હતી. એસએમસી તથા પધારેલ સૌએ સમગ્ર કાર્યક્રમની ભરપૂર પ્રશંસા કરી શાળા પરિવાર અને બાળકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં બાળકો, વાલીઓ અને તમામ શાળા પરિવારે અલ્પાહાર લઈ છુટ્ટા પડ્યા હતા.

